સત્યમેવ જયતે

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૦૩ – ૦૨ – ૨૦૨૩ |
| નોંધણી તારીખ | :– ૦૩ – ૦૨ – ૨૦૨૩ |
| ફેંસલ તારીખ | :– ૧૪ – ૦૩ – ૨૦૨૬ |
| સમયગાળો | :– વર્ષ – માસ – દિવસ |
| | ૦૩ – ૦૧ – ૧૧ |

---

**મે. કલોલનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી),**
**લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.**

---

**રેફરન્સ(ટી)(એલ.સી.) અરજ નં.૧૮/૨૦૨૩**

**આંક ::–૧૩**

શંકરતુરાહા ઉર્ફે ગુપ્તા

c/o નવજયોત ઓલ ગુજરાત લેબર યુનિયન,

સિવિલ કોર્ટ સામે, મુ.તા.કડી, જિ.મહેસાણા. ..... **અરજદાર**

વિરૂધ્ધ

મેનેજરશ્રી

બંકા વોવેન સેકસ પ્રા.લી.,

૩૨૫, ઈન્દ્રાડ, કડી–છત્રાલ રોડ,

ગામ–ઈન્દ્રાડ, તા.કડી, જિ.મહેસાણા . ..... **સામાવાળા**

**બાબત ::–ઔદ્યોગીક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત.**

---

**અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એ.આર.શાહજાદા.**

**સામાવાળા તર્ફે વિ.વ.શ્રી. યુ.વી.મોદી.**

---

**-:: ઠ રા વ ::-**

**(૧)** હાલનાં કામે સદર કામે અરજદારને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમા પુન: સ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારું સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, મહેસાણાનાંઓના તા.૨૫/૧/૨૦૨૩ નાં હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે./૧૧૫/૨૦૨૨, તા.૨૫/૧/૨૦૨૩ નાં પત્રથી અત્રેની અદાલતને મોકલવામાં આવેલ છે.

“શંકરતુરાહા ઉર્ફે ગુપ્તાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળજગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** ત્યારબાદ હાલનાં કામે પક્ષકારોને કાઢવામાં આવેલ નોટીસની તેઓને ધોરણસર બજવણી થઈ જતાં અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એ.આર.શાહજાદા નાં મારફત હાજર થઈ, આંક-૬ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. સદર માંગણા નિવેદનની ટુંકમાં હકીકત એ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં ૧૨ વર્ષથી લુમ્સ વિભાગમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓને સામાવાળાઓ પાસેથી માસિક રૂા.૨૫,૭૦૦/- પગાર ચુકવવામાં આવતો હતો. વધુમાં અમો અરજદારે સામાવાળા પાસે આઈડેન્ટીટી કાર્ડ અને પગાર સ્લીપની માંગણી કરતાં સામાવાળા સંસ્થાએ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ નોકરીમાંથી મૌખીક હુકમથી છુટાં કરી દીધેલ છે. આથી અમો અરજદારને તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત તથા તમામ આનુસાંગિક લાભો સહિત મુળ જગ્યાએ સળંગ સર્વિસથી પુન:સ્થાપિત કરી લેવા સામાવાળાને હુકમ ફરમાવવા વિનંતી છે.

વધુમાં સામાવાળા સંસ્થા તર્ફે વિ.વ.શ્રી. યુ.વી.મોદીનાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે અને આંક-૭ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી, સદર રેફરન્સ ખર્ચ સહીત રદ્દ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના અરજદારને સામાવાળા સંસ્થાએ કદાપી કામદાર તરીકે રાખેલા ના હતા. તેમજ આ કામનાં કામદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે નોકર-માલીકનો સંબંધ પ્રસ્થાપીત થયેલ ન હતો. અરજદારે કિન્નાખોરી રાખી નોકરીમાં થી છુટા કર્યાની કરેલ રજુઆત તદન ખોટી અને ઉપજાવી કાઢેલી છે. કામદાર અને

સામાવાળા સંસ્થા વચ્ચે નોકર–માલીકનો સંબંધ પ્રસ્થાપીત થયેલ ન હોઈ અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો હુકમ આપવાનો તેમજ પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સાથે મુળ અસલ જગ્યાએ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. જેથી રેફરન્સ કેસ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ તે રદ થવાને પાત્ર છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે ચાલુ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન આજરોજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીની સૂચનાથી આયોજીત કરવામાં આવેલ લોકઅદાલતમાં અરજદાર દ્વારા આંક–૧૨ થી વિડ્રો પુરશીશ રજુ કરી જણાવેલ છે કે, અમો અરજદાર સામાવાળા વિરૂધ્ધ હાલનો કેસ ચલાવવા માંગતા ન હોઈ આ કેસ બિનશરતી પરત ખેંચતા હોવાનું સદર પુરશીશથી જાહેર કરેલ છે. સદરહું રેફરન્સ કેસ પરત ખેંચવાનો ઈરાદો સ્વૈચ્છીક જણાતો હોય અને તે સામે સામાવાળા તર્ફે કોઈ વાંધો, વિરોધ કે તકરાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામે અરજદારની વિડ્રો પુરશીશ, ઉપલબ્ધ રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આથી હાલનાં કામે પક્ષકારો વચ્ચેનો રેફરન્સ કેસ વિડ્રો કરવાની પરવાનગી આપવામાં આવે છે અને તે મુજબ હાલનો રેફરન્સ કેસ વિડ્રોથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– કલોલ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.

***<u>JUDGE CODE : GJ01300</u>***.

<u>સ્ટેનો: વી.વી.ચાવડા.</u>